# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૩૦/૦૬/૨૦૨૫ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૮૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૨૨૪ લીટર દેશી દારૂ, ૩૯૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૧૮ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૫૮ બિયર ટીન, ૦૧ કાર અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૭,૪૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૮૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૮૮૨/૨૦૨૫**

**ક્રાઇમબ્રાંચઃ** બિમલભાઇ સ/ઓ રસિકભાઇ અમીન (ઉ.વ.૬૩)(રહે.સોમેશ્વર બંગ્લો, ગુલાબ ટાવર રોડ, થલતેજ)એ તા.૨૯/૦૬/૨૦૨૫ ના રોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે જુન/૨૦૨૨ થી જુલાઇ/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આંબલી ઇસ્કોન રોડ લેન્ડમાર્ક હોટલની બાજુમાં ઓફીસ નંબર ૧૦૧-૧૦૨ "શિલ્પ એપેરીયા" નામની બિમલભાઇ અમીનની ઓફીસ ખાતે આરોપી (૧) "Q Three Tree view India Private Limited" (ક્યુ થ્રી ટ્રીવ્યુ ઇન્ડિયા પ્રા.લી.) રજીસ્ટર ઓફીસ ૮૭, ૨૭ મેઇન સેકટર-૧ એચ.એસ.આર. લે આઉટ, બેંગલોર, કર્ણાટક) (૨)જુબીન પી.ઓ.પીટર (રહે.પલ્લુપેટ્ટા હાઉસ પેરુ બાવુર રેયોન પુરમ એર્નાકુલમ કેરળ) અને (૩) કાર્તિક કોડાવાયુર ક્રિષ્ણન પરમ શિવમ (રહે.ટ્રેન્કિવલ ગ્રીન એપાર્ટમેન્ટસ બાબુસાબપલ્ય કલ્યાણનગર બેંગલોર) એ ભેગામળી બિમલભાઇ અમીન ને "Treeview" કંપનીના ટી.વી.નો માલ વેચાણ કરી તે પેટે કુલ રૂપિયા ૩૧,૬૬,૭૪,૭૬૨/- બિમલભાઇ અમીન પાસેથી મેળવી લઇ, ટી.વી.નો માલ નહી મોકલી તેમજ રૂપિયા પરત નહી ચુકવી બિમલભાઇ અમીન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એ.સિંહ ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૮૩/૨૦૨૫**

**સરખેજઃ** પરમાત્માદીન સ/ઓ રામફેર ચૌહાણ (ઉ.વ.૨૯)(રહે.સેક્ટર-૪, ચાણક્યપુરી સોલા) તા.૨૮/૦૬/૨૦૨૫ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે સરખેજ એલ.જે.કોલેજ સામે સાકેત-૨ બંગ્લા નંબર-૬૦ પહેલા માળે ડ્રેસીંગ રૂમમા પી.ઓ.પી. નુ કામ કરતા હતા ત્યારે અચાનક વીજ કરંટ લાગતા સારવાર અર્થે તેમને સરસ્વતી હોસ્પીટલ ખાતે લાવતા તા.૨૮/૦૬/૨૦૨૫ સાંજના ૬/૨૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.કે.રબારી ચલાવે છે.

**નારોલઃ** ત્રિસા ડો/ઓ સનીભાઇ ચુનારા (ઉ.વ.૦૯)(રહે.ચુનારાવાસ નારોલ ગામ નારોલ) તા.૨૮/૦૬/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે ઘરમાં કચરો વાળતી વખતે અચાનક વીજ કરંટ લાગતા સારવાર અર્થે એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા સાંજના ૭/૩૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વ્યાસ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૮૮૪/૨૦૨૫**

**વટવાઃ** રોશન સ/ઓ જીવાભાઇ સોઢા (ઉ.વ.૨૮)(રહે. ગાયત્રી નગર, બચુભાઇ કુવો, વટવા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૬/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ ગુનાની તપાસ હે.કો.શ્રી પ્રિયવનસિંહ ધીરજસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી